Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# આત્માનંદ પ્રકાશ

: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

પુસ્તક : ૬૨ અંક : ૧૨

આસો : વીર સં. ૨૪૯૧ : આત્મ સં. ૬૯ : વિ. સં. ૨૦૨૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહેલાં લોકો હિંદુ કહેવડાવવામાં ગૌરવ અનુભવતા. તેને બદલે આજે ધર્મ જેવું રહ્યું નથી. લોકો નાસ્તિકતાને વર્યા છે. અને બિનસાંપ્રદાયિકતાને નામે મહા પાખંડ ચાલી રહ્યું છે. આ પાખંડનો જો વિરોધ નહિ કરીએ તો દેશની ધાર્મિક સંસ્કૃતિ રહેવાની નથી.

જ્યાં ધર્મ નથી ત્યાં સંસ્કૃતિ નથી; સંસ્કૃતિ નથી ત્યાં શિસ્ત નથી અને એ બધું ન હોવાના કારણે બિનસાંપ્રદાયિકતા એટલે અસંસ્કારિતા સમજી વ્યક્તિ પોતાને જ મહાન લેખે છે.

(સંદેશ : તા. ૨૫-૮-૬૫) —ગુણવંતરાય આચાર્ય



ગ્રામ : "Jahangir"

ફોન નં. મીલ : ૨૮૦
બંગલો : ૩૨૯

## ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોકસ નં. ૨
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષ : ૬૨ મું ] તા. ૧૦ ઓક્ટોબર [અંક [illegible]-૧૨

# જિનવાણી

जे य कंते पिए भोए
लध्धे विपिट्ठीकुव्वई ।
साहीणे चयइ भोए
से हु चाइ त्ति वुच्चई ॥

પોતાને પ્રિય લાગે એવા હૃદયંગમ ભોગો મળ્યા હોય, તેમ છતાંય જે મનુષ્ય તે ભોગો તરફ પીઠ ફેરવીને વર્તે છે; પોતાને આધીન એવા એ ભોગોને તજી દે છે, તેજ ખરેખર ત્યાગી કહેવાય છે.

वत्थगंधमलंकारं
इत्थिओ सयणाणि य ।
अच्छंदा जे न भुंजन्ति
न से चाइ त्ति वुच्चई ॥

જે મનુષ્ય પાસે સારાં વસ્ત્રો, સારાં અલંકારો, સુંદર પલંગો, મનગમતી સ્ત્રીઓ–એ બધું હોય પણ (ભોગવવાની ઇચ્છા હોવા છતાં) પરવશતાના કારણે તે ભોગવી શકતો ન હોય, તો તે ત્યાગી ન જ કહેવાય.

जहा कुम्मे सअंगाइं
सए देहे समाहरे ।
एवं पावाइं मेहावी
अज्झप्पेण समाहरे ॥

(સંકટ આવી પડતાં) જેમ પોતાનાં તમામ અંગોને પોતાના દેહમાં કાચબો સંકોચી લે છે, તે જ રીતે મેધાવી–વિવેકી પુરુષ અધ્યાત્મ દૃષ્ટિ કેળવી પાપ કર્મો તરફ જતી ઇંદ્રિયોને કાબૂમાં લઇ લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતન કણિકા

વધારે ને વધારે યંત્રવાદી બનતી જતી આજની સંસ્કૃતિ સત્યની એકતરફી બાજુ ઉપર ગંભીર બનતી જણાય છે. વૈજ્ઞાનિક ઢબે સાબિત કરી શકાય તેવી બાબતોને જે તે કોઈ કર્તવ્યના પાયારૂપ માને છે. આપણા યુગના નાયકો આગળ તરી આવેલા કેટલાક વિજ્ઞાનીઓ અને શાસ્ત્રવદો માણસને સ્વયંવહ પ્રત્યાઘાતોથી બનેલું, માત્ર યંત્રસ્વરૂપ અને પાર્થિવ પ્રાણી કહે છે. માણસના મનમાં રહેલી ઐહિક તૃષ્ણાઓને તેઓ મહત્વ આપે છે. માનવઆત્મામાં વસતી શુભ શુચિતાથી તે બધા અજ્ઞાત જણાય છે. આ જમાનામાં જન્મેલા શ્રદ્ધાનો અભાવ અનુભવે છે. તે કોઈ પથ વિનાના એકલવાયા છે. આત્મિક જીવનની પુનઃપ્રાપ્તિ, માનવી પોતે અપૂર્ણ પ્રાણી છે તેનો ખ્યાલ અને પોતાનામાં ગુપ્ત રહેલો પ્રભુનો દરબાર તેનો આદર્શ છે—માત્ર આ જ માનવી માટે આશાપ્રદ છે. કોઈપણ પ્રકારની ભાવના કે આદર્શથી અજાયેલા બધા જમાનાઓને પોતપોતાની પ્રભા અને પરમાનંદ હોય છે તથા પોતાની પ્રજા તેમ જ અનુગામી પ્રજા માટે પણ તે કંઇક કરી જાય છે. જ્યારે અધમ અશ્રદ્ધાથી છવાયેલા જમાના તેમની આનુવાંશિક પ્રજાઓથી તિરસ્કારાય છે કારણ કે, સફલદાયી વસ્તુઓ માટે કોઇ હવાતિયાં મારતું નથી. આજનો જમાનો અશ્રદ્ધાનો, આસ્થા વિનાનો છે એની ભાગ્યે જ કોઇ ના પાડશે. કોઇ શ્રદ્ધા કે ભાવના કરતાં શ્રદ્ધા માટેની તેની અશક્તિથી ઝાંખો પડેલો એવો આ યુગ છે. આધુનિક પ્રજા પ્રજા તરીકે પદાર્થોની સાદૃશ્યતા અથવા તેમની વચ્ચે રહેલા સંબંધકત્વનો ખ્યાલ ચૂકી ગઇ લાગે છે. આજે માણસોના મનમાં જે શૂન્યતા પ્રવર્તે છે તેને દૂર કરવા આજના સાંપ્રદાયિક ધર્મો અશક્ત છે. જ્યારે જૂના દેવતાઓ, જૂનાં સત્યો, જૂનાં જીવનમૂલ્યો નષ્ટપ્રાય બને છે, જીવન જ દીપ્તિ વગરનું બની તેનાં સ્વરૂપો રૂઢ બની જાય છે ત્યારે નવા અને સાંપ્રદાયિક પંથોના અભાવને અસહ્ય ગણતા અસહિષ્ણુ પુરુષો હમેશાં હોય છે, આવી સંદિગ્ધ અને દુર્ઘટ અવસ્થાને આપણે સહ્ય ગણીએ એટલા ધાર્મિક તો નથી.

ગ્રીસ-રોમની સંસ્કૃતિ વિજયી નીવડી, પણ જિતાયેલી પ્રજાને ધર્મ ન આપી શકી અને તેથી તે પોતે જ તે પ્રજાએ આપેલા ધર્મની દાસી બની. આ નવી દુનિયાને એશિયાની મહા પ્રજાઓ પૌર્વાત્ય આત્મીયતા અર્પે એમ ન બને? પશ્ચિમ તેની રાજકીય અને સામાજિક યોજનાઓ દ્વારા જેમાં જુદીજુદી સંસ્કૃતિઓ હળીભળી શકે અને દુનિયાની આત્મીય દરિદ્રતા નિવારવા તેમનો ફલદાયી સમાગમ સંભવી શકે તેવું રચનાતંત્ર પૂરું પાડી શકે તેમ છે? આત્મિક જીવનની પુનઃપ્રાપ્તિ વિનાની વૈજ્ઞાનિક સંસિદ્ધિઓ માનવજાતનું નિકંદન કાઢવા આપણને ડારતી રહેશે. આપણું નાવ ભવિતવ્યના સાગર ઉપર ચાલે છે. દુનિયા કાં તો અગ્નિની ભભૂકતી જવાલાઓ વડે ભરખાશે અથવા તો ચિર શાન્તિમાં નિમજ્જન કરશે આપણા યુગના કર્તવ્યોને કેટલા મનપૂર્વક આપણે પાર પાડીએ છીએ તેના ઉપર તેનો આધાર છે. સત્તા અને અધિકાર ઉપર રહેલા અધિકારીઓ યુદ્ધની જવાળાઓ સળગાવવા માટે અપૂરતી એવી તંગદિલીને અનુકૂળ બની તેને હળવી કરશે તો આજના વિજ્ઞાને પ્રજવળેલા જ્ઞાનપ્રદીપને લાયક એવો માનવસમાજ પ્રસ્થાપિત કરી શકશે.

એક પ્રાચીન પ્રાર્થનાથી સમાપ્તિ કરીશ:

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात्॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

---

*કોલંબિયા યુનિવર્સિટીએ ઊજવેલી શતાબ્દી પ્રસંગે ડો. રાધાકૃષ્ણને આપેલું ભાષણ. ફ્રી વર્લ્ડ (નં. ૧) માંથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "આજના યુગમાં આપણું કર્તવ્ય"

પ્રવચનકાર : **પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ ( ચિત્રભાનુ )**
અવતરણકાર : **શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા**

**(શ્રી જૈન ધાર્મિક શિક્ષણસંઘ મુંબઇ નિયોજિત સંસ્કાર-વ્યાખ્યાનમાળાના ત્રીજા વ્યાખ્યાન તરીકે તા. ૧૮-૭-૬૫ના રોજ કોટ-મુંબઈમાં શ્રી શાન્તિનાથ જૈન દહેરાસરના ઉપાશ્રયમાં આપેલ પ્રવચન)**

જૈન દર્શનમાં કોઈ વાત એકાન્તે કહેવામાં નથી આવી. આજે કેટલાક લોકો જીવનને એક લક્ષી બનાવી માત્ર ક્રિયા કે ધ્યાન પરજ મહત્ત્વ આપે તો તે ચાલશે નહિ, કારણ કે સ્યાદ્વાદ-અનેકાન્તની દૃષ્ટિએ કોઇ એકને આપણું મધ્યબિંદુ બનાવવા છતાં જીવન વિષેના અનેકવિધ બાબતોનો આપણે ખ્યાલ રાખવો પડશે, અને તેથીજ આજના વ્યાખ્યાનનો વિષય આપણે '**આજના યુગમાં આપણું કર્તવ્ય**' એવો રાખ્યો છે.

આજનો યુગ એક રીતે જ્ઞાનનો યુગ છે. વ્યાવહારિક શિક્ષણ અને ધાર્મિક શિક્ષણ એ બંને વચ્ચેના ભેદ તેમજ જીવનમાં એ બંનેનું શું સ્થાન છે, તે આપણે સમજી લેવું પડશે. વ્યાવહારિક શિક્ષણની જરૂરિયાત તેમજ ઉપયોગિતા તો આજે જીવનમાં દરેક ક્ષેત્રે જોવામાં આવે છે. અને દિવસે દિવસે વધતી જતી અનેક યુનિવર્સિટીઓ તેમજ કોલેજોના કારણે લોકો આ શિક્ષણની જરૂરિયાત સંબંધમાં સમજી શકયા છે એમ કહી શકાય. કોલેજમાં અભ્યાસ કરી વિદ્યાર્થીઓ ડીગ્રી મેળવે છે, અને એ ડીગ્રી ઉપરથી જ આપણને ખ્યાલ આવી જાય છે કે કયો માણસ કયા વિષયમાં નિષ્ણાત છે. એમ. બી. બી. એસ.ની ડીગ્રી ધરાવનાર હોય તો આપણે સમજી શકીએ છીએ કે શરીરમાં ઉત્પન્ન થતા રોગો અને આરોગ્ય વિભાગનો તે નિષ્ણાત છે. એલ. એલ. બી. ની ડીગ્રી હોય તો આપણે સમજી શકીએ છીએ કે તે કાયદા શાસ્ત્રનો નિષ્ણાત છે. તેજ રીતે સી. એ. ની ડીગ્રી ધરાવનારને તે હિસાબ અને નામા ખાતાનો નિષ્ણાત છે એમ આપણી સમજમાં આવી જાય છે, ધાર્મિક શિક્ષણ બાબતમાં અભ્યાસની કોઇ આવી ડીગ્રી હોતી નથી, અને તેના શિક્ષકોની પસંદગીમાં પણ ખાસ ધોરણ જેવું હોતું નથી. આજનો યુગ ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણનો સમન્વય કરવાનો યુગ છે. અમે સાધુઓ તો તમને ધાર્મિક શિક્ષણની અગત્યતા વિષે કહેતા જ આવ્યા છીએ, પણ થોડા વખત પહેલાં શિસ્તપાલનની આપણા દેશના વિદ્યાર્થીઓમાં વધતી જતી બેદરકારી અને વણસતી પરિસ્થિતિ અંગે તપાસ કરવા માટે સરકારે પણ એક કમીશન નિમ્યું હતું, અને તેમાં આપણા દેશના રાષ્ટ્રપતિ અને મુંબઇના માજી ગવર્નર શ્રી પ્રકાશ જેવા વિદ્વાન સભ્યો હતા. તેમણે સંશોધન કરી જે રીપોર્ટ તૈયાર કર્યો તેમાં મુખ્ય વાત તો એ હતી કે કોલેજના વિદ્યાર્થીઓને વ્યાવહારિક શિક્ષણની સાથોસાથ આધ્યાત્મિક શિક્ષણનો અભાવ છે તે આપવું જરૂરતું છે, એટલે વિદ્યાર્થી જગતમાં આજે જે અવ્યવસ્થા અને શિસ્તપાલનનો અભાવ જોવામાં આવે છે, તેના ઉપાય માટે ધાર્મિક શિક્ષણની અગત્યતા સરકારે પણ સ્વીકારી છે.

પાઠશાળાઓમાં છોકરાઓને ધાર્મિક સૂત્રો શીખડાવવામાં આવે છે, અને તેથી તમારા બાળકોને જરૂરી ધાર્મિક શિક્ષણ મળી રહે છે, એમ તમે સંતોષ માની લો છો તે બરોબર નથી હાઇસ્કૂલોમાં આગલા ધોરણોમાં અભ્યાસ કરતા તેમજ કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ બાબતમાં સંતોષ આપી શકે તેવા શિક્ષકોની આપણે ત્યાં ખોટ છે, અને આ ઉણપના કારણે જ તમારા બાળકો ધાર્મિક અભ્યાસમાં રસ લઇ શકતા નથી, કે એવા અભ્યાસમાં તેમની ભૂખ સંતોષ તી નથી. મોટી ઉંમરના બાળકોને પાઠશાળામાં જવાનું ગમતું નથી, અને માબાપ જ્યારે બાળકોને પાઠશાળામાં જવાનું કહે છે ત્યારે બાળકો વ્યાવહારિક શિક્ષણના બોજાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાત રજુ કરે છે, અને એવે વખતે તમે પણ બાળકોની વાત સાથે સમ્મત થઇ જાઓ છો. વાસ્તવિક પરિસ્થિતિ તો એ છે કે આજના માબાપોને તેમના ધમાલિયા જીવનના કારણે બાળકોને પાઠશાળામાં જવાનું કેમ ગમતું નથી તેમજ ધાર્મિક અભ્યાસમાં તેઓને કેમ રસ આવતો નથી, તેના કારણોમાં ઊંડા ઉતરવાની ફુરસદ જ નથી, પણ તેથી તો પરિસ્થિતિ સુધરવાને બદલે વણસતી જવાની છે.

મારી પાસે અનેક વિદ્યાર્થીઓ ચર્ચા અર્થે આવે છે અને તે પરથી મને લાગે છે કે આજના વિદ્યાર્થીઓમાં ધાર્મિક શિક્ષણની ભૂખ તો છે જ, પરંતુ વર્તમાન ધાર્મિક શિક્ષણની પદ્ધતિ અને વ્યવસ્થાના કારણે તેઓની આવી ભૂખ સંતોષાતી નથી, અને તેથી જ તેઓને ધાર્મિક અભ્યાસમાં રસ આવતો નથી. મને યાદ છે કે એક વખત અમારા વિહાર દરમ્યાન એક ગામના ઉપાશ્રયમાં અમે રહ્યા હતા, અને ઉપાશ્રયનો ઉપયોગ પાઠશાળા માટે પણ થતો. એક પ્રૌઢ ઉંમરના શિક્ષક પાસે બાળકો સૂત્રોની ગાથાઓ બોલી રહ્યા હતા. ત્યાં એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો કે સાહેબ ! સૂર્ય સવારે ઉગે છે અને સાંજના આથમે છે, પણ જગતમાં કોઇ એવો પ્રદેશ હોઇ શકે ખરો કે જ્યાં સૂર્ય દિવસોના દિવસો સુધી આથમે જ નહિ ? શિક્ષકને ભૂગોળનું જ્ઞાન ન હોવાથી પેલા વિદ્યાર્થીને મૂર્ખાઇ ભરેલો પ્રશ્ન પૂછે છે, એમ કહી બેસાડી દીધો. આવી પરિસ્થિતિ આપણા મોટા ભાગની પાઠશાળાઓમાં પ્રવર્તે છે. વિદ્યાર્થીઓ પોતાની જિજ્ઞાસા સંતોષવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે, પણ કોઈ સ્થળે એમને મૂર્ખ ગણી હસી કાઢે છે, તો વળી કોઇ સ્થળે એમને જડ ગણી હાંકી કાઢવામાં આવે છે, તો વળી કોઇ સ્થળે એને નાસ્તિક કહી તિરસ્કારવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓ કંટાળી જાય છે, અને ધાર્મિક અભ્યાસમાંથી તેની શ્રદ્ધાજ ઊડી જાય છે. એટલે પ્રથમ તો આજે પાઠશાળામાં એવા શિક્ષકોની જરૂર છે કે જેમણે ધાર્મિક અભ્યાસ સાથે સંપૂર્ણ વ્યાવહારિક વિજ્ઞાનનું જ્ઞાન પણ લીધેલું હોય. માત્ર સૂત્રોની ગાથાઓ ગોખાવ્યા કરે એવા શિક્ષકો વર્તમાન કાળે આપણી પાઠશાળાઓમાં નહિ ચાલે, અને એ જ રીતે કોલેજો તેમજ હાઇસ્કૂલોમાં પણ વ્યાવહારિક સાથે આધ્યાત્મિક શિક્ષણ ધરાવનારા શિક્ષકો અને પ્રોફેસરોની પસંદગી કરવામાં આવશે ત્યારેજ વિદ્યાર્થી જગતમાં પ્રવર્તતી અશિસ્તતા નાબૂદ થશે.

ક્રિયા આપણા આત્મા માટે છે, આપણો આત્મા ક્રિયા માટે નથી, એ આપણે હંમેશાં યાદ રાખવાનું છે. જો દરેક ક્રિયા વિવેક પૂર્વક કરવામાં આવતી હોય, તો એવી ક્રિયા કરનારને કોઈ પાપ કર્મનું બંધન થતું નથી. **દશવૈકાલિક સૂત્ર**માં કહ્યું છે કે જે વિવેકથી ચાલે, વિવેકથી ઊભો રહે, વિવેકથી સુવે, વિવેક પૂર્વક ભોજન કરે અને વિવેકથી—યતના પૂર્વક બોલે તો તે પાપ કર્મ બાંધતો નથી.

દેહ અને આત્મા વચ્ચેના ભેદ પણ આપણે સમજી લેવા જોઇએ. આત્મા ઘીના લોટા જેવો છે. કોઇ માણસ એક હાથમાં ઘીનો લોટો અને બીજા હાથમાં છાશનો લોટો રાખી માર્ગે ચાલી જતો હોય, અને સામેથી કોઈ દોડતું આવતું હોય તો તેની અડફેટમાંથી બચવા માટે એ માણસ એ રીતે તરી જશે કે જેથી છાશના લોટાના ભોગે પણ ઘીના લોટાને આંચ ન આવે. આ રીતે કાયાના ભોગે આત્માનું રક્ષણ કરી શકાય, પણ આત્માના ભોગે કાયાનું રક્ષણ નજ થઇ શકે.

આવી રીતે સર્જન અને વિસર્જન વચ્ચેના ભેદ પણ આપણે જાણી લેવા રહ્યા. એક કળાકારને ભવ્ય પ્રતિમા તૈયાર કરતાં વરસોના વરસો લાગે છે. ત્યારે બીજો માણસ કુહાડાના ઘાથી થોડી ક્ષણોમાં જ તે પ્રતિમાનું ખંડન કરી નાખે છે, તો એ બેમાં વધુ શક્તિ પ્રતિમાને ખંડિત કરી નાખનારમાં નહિ પણ સર્જન કરનારમાં છે એમજ કહેવું પડશે, કારણ કે સર્જન કરવામાં શક્તિની જરૂર પડે છે, નાશ કરવામાં તો જડતા છે. આજના યુગમાં ભૌતિક શક્તિનો ઉપયોગ મોટા ભાગે વિસર્જન કરવામાં થાય છે, પણ સર્જન કરવામાં તો આધ્યાત્મિક શક્તિની જરૂર પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુરોપના એક સુપ્રસિદ્ધ કળાકારે એક સુંદર બાળકનું ચિત્ર તૈયાર કર્યું. બાળકનું ચિત્ર એવું તો આકર્ષક અને કળાયુક્ત હતું કે ઘડી બે ઘડી આપણે તેની તરફ જોઇજ રહીએ. એનાં મોઢા પરના સરળ અને વિનમ્ર ભાવો, અને હોઠ પરનું મૃદુ હાસ્ય એવા તો અલૌકિક હતા કે તે ચિત્રના દર્શનથી પણ જોનારના મનમાં નિર્મળતા અને નિર્દોષતાનો સંચાર થાય, આંખ ખસેડવાનું મન જ ન થાય. થોડા વરસો બાદ ચિત્રકારે એક દુષ્ટ પુરુષનું ચિત્ર તૈયાર કર્યું અને તે માટે એક ભયંકર ચહેરાવાળો માણસ પણ શોધી કાઢયો. એની ક્રૂર આંખો, વિકરાળ ચહેરો, ફૂલેલું નાક, ઉપસેલાં હોઠ એવા તો બીહામણાં હતાં કે ચિત્ર જોતાંજ ધૃણા અને તિરસ્કારના ભાવ જાગૃત થાય. પછી એક પ્રદર્શનમાં એ બંને ચિત્રોને તેણે સાથે બાજુ બાજુમાં મૂકયાં. બંને ચિત્રો એક બીજાથી વિરૂદ્ધ પ્રકારનાં ચિત્રો હતાં. એક દિવસે એક માનવી તે પ્રદર્શન જોવા આવ્યો, અને ચિત્રો જોતાં જોતાં પેલા બે ચિત્રોની પાસે આવી પહોંચ્યો પેલાં બંને ચિત્રો જોઇને તે તો પોકેપોકે રડવાજ લાગ્યો. એને રડતો જોઇને તેની આસપાસ માણસોનું ટોળું જામી ગયું અને તેને રોવાનું કારણ પૂછતાં તેણે પોતાનું મોઢું બંને હાથો વડે ઢાંકી કહ્યું કે આ બંને ચિત્રો ભિન્ન ભિન્ન વ્યક્તિના નથી પણ એકજ વ્યક્તિના છે, અને તે વ્યક્તિ અન્ય કોઇ નથીં પણ હું પોતે જ છું. આ બંને ચિત્રો જોઈ મારા ભૂતકાળના સ્વરૂપની વર્તમાન સ્વરૂપ સાથે સહેજે સરખામણી થઇ ગઇ, અને તેના અંગે મારા હૃદયને આઘાત થયો. હું રડું છુ મારા પતનને. આજે આપણે આપણી જાતને જ ભૂલી ગયા છીએ. પણ આજના વિજ્ઞાન યુગમાં સૌથીં મોટામાં મોટી જરૂર તો આપણે આપણી જાતને જ ઓળખવાની છે. આધ્યાત્મિક શિક્ષણ માણસને સ્વના દર્શન તરફ દોરે છે, અને તે જ જ્ઞાન સાચું જ્ઞાન છે.

'જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા'માંથી સાભાર.

## સંકુચિતતાના કોચલાં તોડવાં પડશે

ભગવાન મહાવીરસ્વામી જેવા મહાપુરુષોએ મૈત્રી અને પ્રેમની અમૃત-સરિતા વહાવી, પણ માનવીએ તો જાણે એમાંથી એક પવાલું પણ નથી ભર્યું—નથી પીધું.

આજનું આપણું જીવન જોતાં એમ નથી લાગતું?

આજે આપણે આપણા જીવનમાં કેટલા ખંડો નક્કી કર્યા? કયા કયા પ્રકારોથી આપણે આપણા જીવનને નથી છેદ્યું?

—દેશના સીમાડાઓથી, –ભાષાના ભેદથી, જ્ઞાતિના ઘમંડથીં, વાડાઓની વાડથી, –અને સંપ્રદાયની જડતાથી. અને આ માનવ માનવથી વેગળો બન્યો. એ નજીક આવવાને બદલે દૂર ગયો.

કારણ કે એણે બધું મેળવ્યું પણ વિચારોની વિશાળતા ન મેળવી. અનુભવમાંથી અનેકાન્ત ન તારવ્યું. અને દૃષ્ટિમાં સ્યાદ્‌વાદનું અમીભર્યું અંજન ન આંજ્યું અને તેથી તે દેખે છે પણ એક આંખે, બેથી નહિ તે સાંભળે છે પણ એક કાનથી, બેથી નહિ. એ જીવે છે પણ જ્ઞાન અને ક્રિયાના બે પગથી નહિ, પણ એક પગથી. કહો! કે જીવનને લકવા તો નથી થયો ને?

આનો–આ રોગનો ઉપાય એક જ છે અને તે શ્રી ભગવાન મહાવીર પ્રભુના ઉપદેશનું ઔષધ એટલે કે એકાંત નહિ પણ અનેકાંત. એકાંગી નહિ પણ સર્વાંગી. સ્વોદય નહિ પણ સર્વોદય.

આ ભાવનાના પાયા ઉપર આપણા જીવનની ઇમારત ચણાય તો જ આપણને જીવનનું તેજોમય દર્શન લાધે. વિશાળતાની ભાવના જાગે. પણ આ મેળવવા માટે આપણી આસપાસ જે સંકુચિતતાનાં કોચલાં છે તે તોડવાં જ પડશે.

—મુનિ શ્રી ચંદ્રપ્રભસાગર [ચિત્રભાનુ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી

[ નવયુગ પ્રવર્તક શાસ્ત્રવિશારદ આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની ૪૩ મી પુણ્યતિથિ સં. ૨૦૨૧ના ભાદરવા શુદિ ૧૪ તા. ૯-૯-૬૫ ગુરૂવારના દિવસે મુંબઈમાં શ્રી ગોડીજી ઉપાશ્રયમાં આપેલું પ્રવચન ]

**શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ**

પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીના સ્વર્ગવાસને ૪૩ વર્ષો વીતી ગયાં છે. એ રીતે આપણે એમની ૪૩ મી સ્વર્ગવાસતિથિ ઊજવીએ છીએ. જીવિતસ્વામીના મંદિર વાળું વીરભૂમિ મહુવા [ મધુપુરી ] એમનું જન્મ સ્થાન હતું. કમળા માતા અને રામચંદ્ર પિતા હતા. બે પૂજ્ય આચાર્યોમાં સ્વ. વિજયનેમિસૂરિજીનું પણ મહુવા જન્મ સ્થાન હતું. બન્ને સ્વ. પૂ. શાંતમૂર્તિ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય હતા. એક પ્રખર જ્યોતિર્ધર અને બીજા પૂ. વિજયધર્મસૂરિજી યુગ દૃષ્ટા હતા.

પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજી સંસારી અવસ્થામાં સટ્ટો ખેલનાર વ્યક્તિ હતા. મૂળચંદ એમનું નામ હતું દીક્ષા લીધા પછી 'શાસ્ત્રવિશારદ'ની પદવી કાશીમાં પંડિતો તરફથી મળી અને વિજયધર્મસૂરિ બન્યા. સટ્ટાવાળા અચોક્કસ જીવનને સંન્યાસના ઉચ્ચ દૃષ્ટિબિંદુ તરફ વાળ્યું.

સંયમાવસ્થામાં ૩૫-૩૬ વર્ષની વયે કાશીમાં રહીને વિદ્યાભ્યાસ કરવા-કરાવવાની સ્ફુરણા જાગી. માંડલથી મારવાડનો વિકટ પંથ ઓળંગી કાશી કે જે વિદ્યાભ્યાસનું આર્યાવર્તનું કેંદ્ર છે ત્યાં જઈ વિદ્યાભ્યાસનો નવીન રસ પીવાની અને અન્ય સાધુ વર્ગ તથા ગૃહસ્થોને પાવાની તમન્ના જાગી.

સં. ૧૭૦૬માં પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી તથા વિનયવિજયજી કાશીમાં ખૂબ વિદ્યાભ્યાસ કરી જૈન શાસનના પ્રભાવક બન્યા તે દૃષ્ટિબિંદુને અનુલક્ષીને 'કાશી' ક્ષેત્ર તેમણે પસંદ કર્યું હતું. અને ત્યાં જઈ શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા સ્થાપિત કરી અભ્યાસનો વર્ગ શરૂ કર્યો.

શાળાની કાર્યવાહીમાં સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ, જૈન દર્શનનો તુલનાત્મક અભ્યાસ, ન્યાય, અહિંસા અને સ્યાદ્વાદ દૃષ્ટિ વિગેરે મુખ્ય હતા. કાશીના મહારાજાના તેઓ માનનીય બન્યા. અલ્હાબાદમાં મળનાર સનાતન ધર્મ મહાસભાના સંમેલનમાં તેમને આમંત્રણ મળ્યું અને ત્યાં જઈને જૈન દર્શનનાં સિદ્ધાંતોનું સમર્થન કર્યું. પં. મદનમોહન માલવીઆજી તરફથી ખાસ આમંત્રણ હતું.

શરૂઆતમાં બનારસમાં બ્રાહ્મણ પંડિતોનું સામ્રાજ્ય બહુ હતું. જૈન ધર્મને તિરસ્કારની નજરથી તેઓ સહુ જોતા હતા. **हस्तिना ताडयमानोऽपि न गच्छेज्जिन मंदिर**-એ તેમનું સૂત્ર હતું. તે વખતે ફૂટપાથ ઉપર ઊભા રહી જાહેર જનતાને ઉપદેશ આપવાની શરૂઆત કરી ત્યારપછી તો અનેક વિદ્વાનો તેમણે પ્રકટાવ્યા.

કલકત્તામાં મહોપાધ્યાય શ્રી સતીશચંદ્ર વિદ્યાભૂષણે એમની પાસે મચ્છી વિગેરે અભક્ષ્યભક્ષણ નહિ કરવાની પ્રતિજ્ઞાઓ લીધી. તેઓ પાશ્ચાત્ય દેશોના અનેક વિદ્વાનોના સમાગમમાં આવ્યા હતા જૈન દર્શનના સિદ્ધાંતોનો અહિંસા-અપરિગ્રહ અને સ્યાદ્વાદનો સમન્વય કરી એમને તેમણે તુલનાત્મક દૃષ્ટિ આપી હતી. મત-મતાંતરની સમીક્ષા વિગેરેની તેમની આવડતને અંગે પાશ્ચાત્ય પંડિતોને મુગ્ધ કર્યાં હતા. ડો. સીલ્વન લેવી એમના મૃત્યુ અગાઉ શિવપુરીમાં ગયેલા તે વખતે તેમને સ્યાદ્વાદનો સિદ્ધાંત સમજાવ્યો જેથી તેમણે તે વખતે ઉદ્ગારો કાઢયા કે 'આપની શાસ્ત્રવિશારદ પદવી યથાર્થ અને સાર્થક છે,

એમનામાં ઇચ્છાશક્તિ (Will Power) અપૂર્વ હતી. ગવર્નર લોર્ડ જ્યોર્જ કે મોટામાં મોટા મહારાજાને મળવામાં અને આકર્ષવામાં કુશળ હતા. સમયનું પાલન, નિયમિતતા, નિખાલસ હૃદય, અને જિન શાસનની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભાવનાની મુખ્ય તમન્ના વિગેરે તેમના સંયમીપણા સાથે અનેક ગુણોનો વિકાસ હતો.

પારસી, મુસ્લીમ અને ફ્રેંચ વિદ્વાનો, પ્રો. ટેસીટોરી વિગેરે ઇટાલીઅનો, અંગ્રેજો, મરાઠી અને બંગાળી તમામ વિદ્વાનોએ એમનું ચરિત્ર આલેખ્યું છે. એ એમના જીવન સૌરભનો પુરાવો છે. એમના સંપર્કમાં આવેલા તમામને લાગે કે સૂરિજી અમારા જ છે.

પાટણમાં સ્વ. પ્ર. મ. શ્રી કાંતિવિજયજી પાસે જ્યારે હર્મન જેકોબી મુખ્ય મુખ્ય સાધુઓની મુલાકાતો લઇને આવ્યા ત્યારે પૂ. પ્રવર્તકજીએ તેમને પૂછ્યું કે તમારો પરિચય-અનુભવ શું કહે છે? તેમણે કહ્યું કે આ. શ્રી વિજયનેમિસૂરિ અને આ. શ્રી વિજયધર્મસૂરિ બે વ્યક્તિ સાધુપણામાં છે પણ જો કોઇ રાજ્યના દિવાન હોત તો આખું રાજતંત્ર ચલાવવાની શક્તિવાળા છે. હાલ તો જૈન શાસનનું રાજ્ય બન્ને ચલાવી રહ્યા છે.

ભાવનગરમાં તેઓશ્રીએ ચાતુર્માસ કરેલું ત્યારે વ્યાખ્યાન શ્રવણ કરવાનો મને પ્રસંગ મળ્યો હતો. જૈનધર્મ પ્રસારક સભામાં ચાર પાંચ રાત્રિ રહ્યા હતા ત્યારે તેમના સમાગમનો સવિશેષ પરિચય થયો હતો. ભાવનગરમાં આલ્બર્ટ સ્કેવરમાં જાહેર ભાષણો આપ્યા હતા. દિવાન પ્રભાશંકર પટણી પણ અવારનવાર તેઓશ્રીને મળ્યા હતા.

નમ્રતા અને લઘુતાના અનેક દૃષ્ટાંતોમાં એક એ છે કે જ્યારે એમને કાશી નરેશ તરફથી શાસ્ત્ર વિશારદ જૈનાચાર્યની પદવી મળી ત્યારે તેમણે કહ્યું કે 'ટટ્ટુ ઉપર અંબાડીનો ભાર આવ્યો છે.'

શિવકુમાર શાસ્ત્રી, સ્વામી ભાસ્કરાનંદ, મનીષાનંદ અને શંકરાચાર્ય વિગેરે પંડિતોની સાથે જૈન દર્શનનાં સિદ્ધાંતોનું પ્રતિપાદન કરી એમણે સ્યાદ્વાદ દૃષ્ટિનું રહસ્ય સમજાવ્યું હતું જૈન સ્વયંસેવક મંડળ કે જે અહીં વર્ષોથી સેવાનાં અનેક સુંદર કાર્યો કરી રહ્યું છે, તેની મૂળ સ્થાપના 'વીર તત્ત્વ પ્રકાશક મંડળ' તરીકે મુંબઈમાં તેમની હસ્તક થઇ હતી. એમણે પૂ. આ. વિજયેન્દ્રસૂરિ, પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરિ, પૂ. વિદ્યાવિજયજી, ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજી, ઉ. શ્રી મંગળવિજયજી વિગેરે અનેક વિદ્વાનો ઉત્પન્ન કર્યાં હતા. અત્રે બીરાજેલ શાંતમૂર્તિ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિ પણ એમના વિદ્વાન પ્રશિષ્ય છે.

સં. ૧૯૭૮માં મૃત્યુશય્યા ઉપર શિવપુરીમાં સૂતેલા. તે સમયે લગભગ કાંકરોલી (મેવાડ)માં જ્યારે અન્ય દર્શનીઓ તરફથી જૈન પ્રતિમાજીને તળાવમાં ફેંકી દેવામાં આવેલ તેનો કેસ ચાલતો હતો તે વખતે તેમણે કહ્યું કે 'વિદ્યાવિજય! શું મારા જીવતાં કાંકરોલી કેસ સંબંધી જૈન સંઘના લાભમાં શુભ પરિણામ આવેલું નહીં સાંભળી શકું?' —આ તેમની શાસન રાગની અંતસમયમાં પણ તમન્ના.

આચાર અને શુદ્ધિ માટે ગૃહસ્થોને વારંવાર ઉપદેશ આપતા. દૃષ્ટાંત તરીકે સામાન્ય હકીકત રૂપે-ભાવનગરમાં ડોયાથી પાણી લઇ પ્યાલામાંથી પીવાની પ્રતિજ્ઞા સહુને આપી હતી. યોગશાસ્ત્ર એ તેમના ઉપદેશનું ધ્રુવબિંદુ હતું. આવા એક મહાન્ આચાર્યનો જૈનસંઘને વિરહ પડેલો છે. દર વર્ષે એમને યાદ કરવાનો હેતુ એમના ગુણોને યાદ કરી આપણા જીવનમાં ઊતારવાનો છે. એમના જીવનના પુરૂષાર્થનું સાધુ વર્ગે તથા શ્રાવકવર્ગે સંસ્મરણ કરી હાલમાં પ્રચલિત થયેલી જીવહિંસા બંધ થાય તેમજ જૈન દર્શનના સિદ્ધાંતો વિશ્વમાં કેમ ફેલાય તે માટે પ્રયત્નશીલ થવું જેથી આજે તેમને અપાયેલી વંદનાંજલિની સાર્થકતા થાય. આવા મહાત્માઓ ભવિષ્યની પેઢીને પગદંડી સાથે પ્રેરણા આપીને ચાલતા થાય છે.

એમના અમર આત્માને વંદના હો!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

બનાવનાર

બારજીસ
લાઇફ બોટસ
ટગ્ઝ
ડ્રેજર્સ
પેસેન્જર સ્ટીમર્સ
પોન્ટુન્સ
મુરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ વિગેરે

બનાવનાર

રોલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
પેલ ફ્રેન્સીંગ
લેડ-સુલાઇટ (લેડવુલ)
મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લીમીટેડ.

—: શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ :—

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેક્ટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડી.ડી.)
ફોન નં. ૬૦૦૭૧/૭૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડી.ડી.)
ફોન નં. ૭૦૮૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવ-વિચાર યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન (અવલોકન)

લેખક : પં. રુદ્રદેવ ત્રિપાઠી સાહિત્ય-સાંખ્ય યોગાચાર્ય એમ. એ.

એ સત્ય છે કે કુશલ કલાકાર પોતાની તીક્ષ્ણ છીણીની સહાયથી પાષાણમાં દેવત્વનો આરોપ કરી દે છે, જેને જોતાંજ શ્રદ્ધાળુ આત્મા પોતાના ઇષ્ટદેવ પ્રતિ નત મસ્તક થઇ જાય છે. સાહિત્યમાં આ પરંપરાનો જ સદા નિર્વાહ થતો આવ્યો છે. ઉત્તમ અને પરિપક્વ જ્ઞાનસંપન્ન સાહિત્યકારોના હાથમાં જે કંઇ સાહિત્ય આવે છે તેને તેઓ પરિષ્કૃત, સર્વગ્રાહ્ય અને સરસ બનાવી દે છે. **'જીવ-વિચાર'** અર્થાત્ **'પ્રાણીવિજ્ઞાન'** આજે કેટલીક અધ્યયનશીલ વ્યક્તિઓનો જ વિષય રહી ગયો છે. પરંતુ પ્રાચીન કાલમાં ધર્માચાર્યો દ્વારા અન્ય સઘળા વિષયોનું જે રીતે પ્રતિપાદન થયેલું છે, તેવીજ રીતે પ્રાણી વિજ્ઞાનનું પણ સારા પ્રમાણમાં પ્રતિપાદન થયેલું છે.

વિશેષતઃ જૈન ધર્મ કે જે અહિંસાની મૂળ ભૂમિકા પર આરૂઢ છે, તેમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ અને સ્થૂલાતિસ્થૂલ જીવોનું વિવેચન અત્યંત મહત્ત્વપૂર્ણ ઢંગથી થયેલું છે. આવા ગ્રંથોમાં **વાદિવેતાલ શ્રી શાંતિસૂરિજી** વિરચિત **'જીવ-વિચાર પ્રકરણ'** પોતાનું વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. આ ગ્રંથ પર સંસ્કૃત ભાષામાં એકાદ-બે ટીકાઓ તથા અવચૂરિ લખાયેલ છે. પરંતુ તે સામાન્ય જનતાને સુલભ નથી. વળી આજના યુગમાં મનુષ્યોને નવું નવું જાણવાની વૃત્તિ વધતી રહી છે અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ તેનું વિશેષ આકર્ષણ કરી રહ્યો છે. આ પરિસ્થિતિ લક્ષ્યમાં લઇને **પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે** પોતાના બુદ્ધિઝલોહિત સાર્વજનીન જ્ઞાનના કિરણો ફેલાવી 'પ્રકાશિકા' નામની જે વૃત્તિનું નિર્માણ કર્યું છે, તે ખાસ નોંધપાત્ર બની રહે છે.

અમે જોઇએ છીએ કે શ્રી ધીરજલાલભાઇની આ પ્રકાશિકા વૃત્તિમાં વૃત્તિને યોગ્ય બધા ગુણોનો સમાવેશ થયેલો છે. વૃત્તિનો ક્રમ આ પ્રમાણે છે. મૂલ, સંસ્કૃત છાયા, પદાર્થ ( પદોનો અર્થ ), અન્વય અને વિવેચન. આ પંચાંગી વિવરણથી પાઠકને સર્વ રીતે સંતોષ આપવા માટે વૃત્તિકાર શ્રી ધીરજલાલભાઇએ સ્થળે સ્થળે વિભિન્ન પ્રાચ્ય અને પાશ્ચાત્ય વિદ્વાનોના તર્કમૂલક પ્રમાણો આપ્યાં છે તથા રોચકતાની અભિવૃદ્ધિને માટે ઉદાહરણોનો આશ્રય લીધો છે. સર્વ ધર્મ અને સમ્પ્રદાયના વિદ્વાનો આનાથી લાભાન્વિત થાય એ દૃષ્ટિએ કોઇ સ્થળે દુરાગ્રહને સ્થાન આપ્યું નથી. વિસ્તૃત અને હાલ અપ્રચલિત વિષયને સચિત્રરૂપમાં રજૂ કરીને જીવ-વિજ્ઞાનની નવી પ્રેરણા આપી છે. આ વૃત્તિમાં શ્રી ધીરજલાલભાઇએ પોતાના પ્રગાઢ પાંડિત્યનો જે પરિચય આપ્યો છે, તે સર્વથા અભિનંદનીય છે.

**'જીવ-વિચાર-પ્રકાશિકા' યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન** એ નામથી અંકિત થયેલ આ ૫૦૦ પુષ્ઠના ગ્રન્થમાં જીવ વિજ્ઞાનને સરલ અને સરસ ભાષામાં રજૂ કરીને આ વિષયની એક ન્યૂનતાને પૂર્ણ કરવામાં આવી છે. આકર્ષક અને શુદ્ધ મુદ્રણની સાથે સુંદર ચિત્રોની રજૂઆત કરવાથી આ ગ્રન્થની શોભામાં ઘણીજ અભિવૃદ્ધિ થયેલી છે. આશા છે કે વિદ્વાન્ વર્ગ આ ગ્રન્થનો પૂર્ણ આદર કરશે.

શ્રી આત્માનંદ જૈન મહાસભા-પંજાબ તરફથી આ ગ્રન્થનો શીઘ્ર હિન્દી અનુવાદ કરવાનો અનુરોધ થયો છે, તે એની સર્વ સામાન્ય ઉપયોગિતા તથા પાઠ્ય પુસ્તક તરીકેની ક્ષમતા સૂચવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવચનસાર

લેખક : અમરચંદ માવજી શાહ.

**પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે,**
**દેખે પરમ નિધાન:**
**હૃદય-નયણ નિહાલે જગ ધણી,**
**મહિમા મેરૂ સમાન.**
**જિનેશ્વર-ધર્મજિનેશ્વર ગાઉ રંગશું.**
( યોગીશ્વર–આનંદઘનજી )

અમર આત્મા અનાદિ કાળથી અજ્ઞાન અને મિથ્યા દર્શનથી જડ પુદ્‌ગળ દ્રવ્યનાં શબ્દ, રૂપ, રસ, ગંધ સ્પર્શનાં અનેક ગુણ પર્યાયમાં મોહ પામી આસક્ત થઇ ઇષ્ટ અનિષ્ટ ભાવરૂપે રાગ દ્વેષથી પરભાવ પરદ્રવ્યમાં પરિણામી હિંસા, અસત્ય, ચોરી, કુશીલતા પરિગ્રહમાં મૂર્છિત થઇ ક્રોધ, માન, માયા, લોભ વડે મન વચન કાયાનાં યોગથી સંસારમાં દેવ નરક તીર્યંચ અને મનુષ્ય યોનિઓમા પારભ્રમણ કરી દુઃખ દોષ અને પાપથી ઘેરાઇ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનાય-અંતરાય નામ ગોત્ર આયુષ્ય અને વેદનીય કર્મદ્વારા જન્મ-જરા મરણ આધિ વ્યાધિ ઉપાધિમાં સપડાઈ રહ્યો છે.

એથી મુક્ત થવારૂપ મુક્તદશા પ્રાપ્ત કરવા માટે પરમ યોગીંદ્ર જિનેંદ્ર દેવે સ્વાનુભવથી અનંતજ્ઞાન અનંતદર્શન અનંતવીર્ય અવ્યાબાધ સુખ સ્વરૂપ પરમ આનંદને પ્રાપ્ત થઇ પરમ કરુણામૂર્તિ ભગવાન પરમાત્મા જિન વીતરાગ દેવે પરમ કરૂણા કરી ભવ્ય આત્માને તેનું અબાધિત પરમ સુખમય પરમ શાંતિમય પરમ આનંદ સ્વરૂપ પ્રાપ્ત થાય તે માટે પ્રવચન આપી જ્ઞાતા અને જ્ઞેયનું વિવેકજન્ય સમ્યગ્‌જ્ઞાન આપી સમ્યગ્‌દર્શન કરાવ્યું તે ભગવંતને નમસ્કાર.

આત્માનું શુદ્ધ સ્વરૂપ સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રમય છે, શુદ્ધ છે, ચૈતન્ય સ્વરૂપ છે. મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનથી અનાદિથી પરભાવ પરદ્રવ્યમાં તેના પરિણામી સ્વભાવ દ્વારા જ્ઞાનગુણવંત આત્મા અજ્ઞાનભાવે પર્યાયમાં પરિણમી રહ્યો છે. શુભાશુભ ભાવે રાગદ્વેષથી ઇષ્ટ અનિષ્ટ સંકલ્પ વિકલ્પવડે મોહથી ભ્રમથી પરભાવ પરદ્રવ્યમાં અહં મમ હું અને મારૂં એવા દર્શન મોહને આધિન થઇને રૂપ પરિણમન કરી ચારિત્ર મોહથી અનેક પરવસ્તુમાં પરિણમી જઇ પોતાનું સ્વભાવજન્ય પોતાનું અસલી સ્વરૂપ ભૂલી જઇ પોતે અનંતજ્ઞાન પદ હોવા છતાં અજ્ઞાન પર્યાયમાં સંયોગમાં ભળી જઇ અશુદ્ધતાને પ્રાપ્ત થયો છે.

એ અશુદ્ધભાવની પર્યાયનું નિમિત્ત પામી પુદ્‌ગલ જડ દ્રવ્ય અષ્ટકર્મરૂપે સ્વયં પરીણમી જઇ આત્માના અનંતજ્ઞાન અનંત દર્શન અનંત વીર્ય અવ્યાબાધ સુખ આનંદની પર્યાયને આવરણરૂપ થવાથી અનાદિકાળથી અટવાઈ ગયો છે.

પોતે માત્ર જ્ઞાતા છે અને બાકી બધું પોતાનું જ્ઞેય છે એ જ્ઞેય પોતાનાં જ્ઞાનમાં ઝળકે છે. પરંતુ મિથ્યાદર્શનથી અને મિથ્યા જ્ઞાનથી તે ક્ષોભ પામી એ જ્ઞેયરૂપ પોતાને કલ્પીને તેમાં મોહી રાગી દ્વેષી થઇ પરિણમી જાય છે એટલે પુનઃ પુનઃ બંધભાવને પ્રાપ્ત થયા કરે છે અને અનાદિ સંસારમાં સંસરણ કર્યા કરે છે.

એ આત્માની પર્યાય જે સંયોગમાં ક્ષોભ પામી મોહાધિન થાય છે જે પર્યાયદૃષ્ટિ સ્વઆત્મશુદ્ધ દ્રવ્યમાં સ્વપુરુષાર્થથી પરિણમાવવી સ્વઆત્માના દર્શન જ્ઞાનમાં સ્થિરતા કરવી અખંડ અનંત અવ્યાબાધ સુખ આનંદને પ્રાપ્ત કરવો એજ પ્રવચનનો સાર છે.

પર્યાય અશુદ્ધ દૃષ્ટિથી સંસાર છે અને દ્રવ્ય શુદ્ધ દૃષ્ટિથી મુક્ત અવસ્થા છે અવસ્થાએ અશુદ્ધ છે એ શુદ્ધતા મિથ્યાદર્શન અને અજ્ઞાનથી છે તે સમ્યગ્‌દર્શન જ્ઞાનથી જ શુદ્ધ થઇ શકે છે. આત્માનો ઉપયોગ આત્મામાં આત્માવડે આત્માથી આત્મા તરફ પરિણમાવી પરભાવ પરદ્રવ્યના સંયોગની ઉપેક્ષાપૂર્વક સ્વભાવની અપેક્ષાએ સ્વ આત્મ દ્રવ્યગુણ પર્યાયમાં સ્થિરતા કરવી

(અનુસંધાન પાનું ૨૨૯)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીરચંદ ગાંધી અને પ્રગતિશીલ જૈન ધર્મ

પ્રવચનકાર : **શ્રી ચુનીલાલ મડિયા**

[ સ્વ. વીરચંદ ગાંધીની ૧૦૧મી જન્મ જયંતિ નિમિત્તે શ્રી મહુવા જૈન મિત્ર મંડળના ઉપક્રમે જાણીતા સાહિત્યકાર 'શ્રી ચુનીલાલ મડિયાનું પ્રવચન શ્રી વીરચંદ ગાંધી અને પ્રગતિશીલ જૈન ધર્મ' એ વિષય પર તા. ૨૫-૮-૧૯૬૫ના રોજ મુંબઈમાં યોજવામાં આવ્યું હતું. એ પ્રવચનની નોંધ સંસ્થાના મંત્રી શ્રી પન્નાલાલ રસિકલાલ શાહે લીધી હતી, જે અત્રે વાચકો માટે રજૂ કરવામાં આવે છે.]

સૌ પ્રથમ તો હું શ્રી વીરચંદ ગાંધીની વિસ્મૃતિ બાબત કહેવા માંગુ છું. આવા ધર્મવિચારકોને આપણે સમાજ અને વિદ્વાન વર્ગ કેમ ભૂલી શકયો એ એક પ્રશ્ન છે. એથી મને પણ આશ્ચર્ય થાય છે. મારા 'રુચિ' માસિકમાં કવર પેજ પર મે એમનો ફોટો આપી એમના પ્રવચનમાંથી અવતરણ આપ્યું અને તંત્રીલેખમાં 'નવજાગૃતિનું સંસ્કરણ' (લેખ)માં એમની જન્મશતાબ્દિ પ્રસંગે ઉચિત અંજલિ આપી ત્યારે કેટલાંયે સાહિત્યકારોની મારા પર ટપાલ આવી. 'આવા શ્રી વીરચંદ ગાંધીને તમે કયાંથી ખોળી કાઢયા ?' વધુમાં વિષયાંતર થવાનો દોષ પણ મારે વહોરી લેવો પડે છે. આવા ધર્મવિચારકોનું સ્મારક યોગ્ય રીતે થાય એ જોવું જરૂરી છે એ એટલા માટે કે આજની તરુણ પેઢીમાં ધાર્મિકતા અને સંસ્કારિતાનો લોપ થતો જાય છે એને કાયમી ટકાવી રાખવા હોય તો આવા મહાન પુરુષોનું આપણે સુયોગ્યરીતે સ્મારક કરવું જોઈએ. પરંતુ મારે ઘણા જ દુઃખ સાથે કહેવું પડે છે કે જૈનોએ –ખાસ કરીને મહુવાના જૈન અગ્રેસરોએ-આ અંગે ખૂબજ ઉદાસીનતા સેવી છે. છેલ્લાં બે વર્ષથી મહુવાના તરુણ કાર્યકરો આ અંગે સતત મહેનત કરી રહ્યા હોવા છતાં એમને સહકાર આપવા જેટલી પણ કોઈએ મચક આપી નથી.

જૈનધર્મ અતાર્કિક નથી. એ વેવલાઈ કે અંધ–શ્રદ્ધાનો ધર્મ નથી. પરંતુ તાર્કિકતા સાથે બુદ્ધિગમ્ય અને હૃદયંગમ છે. એ વિજ્ઞાન પર આધારિત છે. જૈનધર્મના કોઈપણ સિદ્ધાંત તપાસો –એ બધા જ વિજ્ઞાન સાથે સુમેળ ધરાવે છે. આજથી હજારો વર્ષો પહેલાં જીવાણુઓની કલ્પના જે જૈન આગમોએ કરી છે એ આજે વિજ્ઞાને સાક્ષાત્ કરી છે. આમ છતાં જૈન–જૈનેતર ભાઈઓ એ ધર્મની હાંસી ઉડાવે છે એ દુઃખપ્રદ છે. આજે એમ કહી શકાય કે વિજ્ઞાનની શોધો જૈનધર્મ પર આધારિત છે. આપણી અમૂલ્ય પ્રાચીન હસ્તપ્રતો જર્મનીમાં સંગ્રહિત થઈ છે એ એક હકીકત છે.

જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે. નાનામાં નાના જીવથી મનુષ્ય સુધીના પ્રાણીના જીવને સમાન ગણવાની દૃષ્ટિ જૈનધર્મની છે. અહિંસામાં બે વસ્તુનો સમાવેશ થાય છે: એક તો કોઈના જીવની હાનિ ન કરવી એ અને બીજું પરસ્પર પ્રેમ અને મૈત્રીભાવ કેળવી અન્ય જીવોનું કલ્યાણ કેમ થાય એવી ભાવના રાખવી તે. *"જીવો અને જીવવા દો"નો આજનો સમષ્ટિગત આદર્શ જૈનધર્મની ગળથૂંથીમાં રહેલો છે. અરે, હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ મહારાજાના સમયમાં 'અમારિ'ની ઉદ્ઘોષણા થઈ અને જીવાત જેવા ક્ષુદ્ર જીવની રક્ષા અર્થે પણ જીવાતઘરની વ્યવસ્થા હતી. આજનું રાજ્ય આવી વ્યવસ્થા કરે ખરું ? આ હકીકત ઇતિહાસને પાને નોંધાયેલી છે. આજે પણ પાટણમાં જીવાતઘર હયાત છે.

જૈનધર્મની એક અણમોલ ભેટ આ જગતને છે–અને એ છે સ્યાદ્વાદ–અનેકાન્તદૃષ્ટિ. એક જ વસ્તુનો એકાંગી નિર્ણય કરવાને બદલે જુદી જુદી દૃષ્ટિએ અવ-

*મારા મત મુજબ "જીવો અને જીવવા દો" નહીં, પરંતુ "જીવાડો અને જીવો" એ આદર્શ જૈનધર્મનો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકન. એ પ્રમાણે સત્ય તારવવું. આજની પરિભાષામાં કહું તો "સારું એટલું મારું" નીતિ રાખવી એ એનો હેતુ છે. સ્થૂળ ઉદાહરણ આપું તો –શરબતનો એક ગ્લાસ એક ખૂબ જ તરસ્યો માણસ પીએ છે, તો એને મીઠો લાગે છે પરંતુ એ જ ગ્લાસ એ જ સમયે મિષ્ટાન્ન જમીને આવેલ માણસ પીએ તો તેને નિઃરસ લાગે છે. શરબત મીઠું છે એ વાત સાચી છે અને બન્નેના અનુભવ સાચા છે. બન્ને વ્યક્તિ અપેક્ષાએ સાચી છે. કારણ બન્નેની ભૂમિકામાં ફરક છે. આ છે જૈનધર્મની ઉદારદષ્ટિ.

હવે જૈનધર્મ પ્રગતિશીલ છે કે કેમ એ પ્રશ્ન તપાસીએ. જૈનધર્મનું સાહિત્ય તપાસો. પ્રાકૃત, અપભ્રંશ કે સંસ્કૃત અગર અર્ધમાગધીમાં જૈન સાહિત્યને બાકાત કરો તો શેષ કંઈજ રહેતું નથી. ગુજરાતી ભાષાના આદ્યદષ્ટાઓ જૈનસાધુઓ છે. એમાં માત્ર જૈનધર્મનો ઉપદેશ જ નથી. વ્યવહાર પણ છે. એટલે તો આજના સાહિત્યકારો અને સાક્ષરો એને સ્વીકારતા થયા છે. કળાવિષયક પ્રગતિ જુઓ રાણકપુર, આબુ અને શત્રુંજય પર મંદિરોની રચના જુઓ. જૈનધર્મે કળાને પોષી છે.

આમ બધી રીતે જોઈએ તો જૈનધર્મ પ્રગતિશીલ છે, અને એનું કારણ એ છે કે તે વૈજ્ઞાનિક છે; બુદ્ધિ પર આધારિત હોવા છતાં ય હૃદયંગમ છે. અને આજ કારણથી જ શ્રી વીરચંદભાઈ જેવા વિદ્વાન, શિક્ષિતને આ ધર્મ આકર્ષી શકયો હોય. તેઓ જૈનકુળમાં જન્મ્યા એટલે જૈનધર્મ તરફ એમને આકર્ષણ હતુ એમ નહીં પરંતુ એમની બુદ્ધિને ગ્રાહ્ય જૈનધર્મમાં છે એટલે એમને જૈનધર્મ આકર્ષી શકયો છે.

આપણે ત્યાં સંસ્કૃતિનો પ્રવાહ વહ્યો છે અને ઇતિહાસ પર દષ્ટિ કરતાં જણાશે કે 'Great men are born in pairs - મહાન વ્યક્તિઓ સમકાલીન જન્મે છે. ભગવાન બુદ્ધ અને મહાવીર, પૂ. મહાત્મા ગાંધી અને ટાગોર. એવી જ રીતે સ્વામી વિવેકાનંદ અને શ્રી વીરચંદ ગાંધીનો ઉદ્‌ભવ ભારતમાં થયો. પર્યુષણ જેવા પવિત્ર દિવસોમાં એમની જન્મજયંતિ આવે છે એ આનંદનો વિષય છે. આવા ધર્મના દિવસમાં આપણે એમને યાદ કરી કંઈક ગ્રહણ કરીએ એ ઇચ્છનીય છે.

---

## શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા–મહેસાણા

ધાર્મિકજ્ઞાન આપવા સાથે ધર્મસંસ્કારોનું સિંચન કરતી શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણા, જૈન સમાજના ગૌરવનું એક પ્રતીક છે. એની સ્થાપનાને ૬૭ વર્ષ થયાં

'રણમાં મીઠી વીરડી' જેવી ધાર્મિકજ્ઞાન સાથે ધાર્મિક સંસ્કારોની પરબસમી આ સંસ્થાની નિશ્રા પામી કેટલાક ભાગ્યશાલી આત્માઓએ સંયમના પુનિત માર્ગે સંચરી જીવનને ધન્ય કર્યું છે, અનેક એનો લાભ લઈ ધર્મશ્રદ્ધાળુ પંડિતો થયા છે, અનેક ધર્માધ્યાપકો થયા છે.

અનેક પૂ. સાધુ–સાધ્વીજી મહારાજોએ જ્ઞાનાર્જન માટે આ સંસ્થાનો લાભ લીધો છે અને લઈ રહ્યા છે.

અનેક પારમાર્થિક ખાતાઓ ચલાવવા, અનેક ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન કરવું, ગામેગામ પરીક્ષકો મોકલી ધાર્મિક પરીક્ષા લેવરાવવી, પૂ. મૂનિમહારાજનો યોગ ન હોય એ ગામોમાં શ્રી સંઘની વિનંતિથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પર્યુષણ પર્વની આરાધના કરાવવા મોકલવા, આ વગેરે એની ઉમદા અને પ્રશંસનીય કામગીરી છે.

જૈન સમાજમાં ધાર્મિકજ્ઞાન આપવા સાથે ધર્મસંસ્કારોનું સિંચન કરતી આ જ એકમાત્ર સસ્થા છે. ૬૭ વર્ષની ઉત્તમ અને સફળ કામગીરીની યશસ્વિતા એ જ એની અમૂલખ સિધ્ધિ છે.

જૈન સમાજમાં ગૌરવવંતુ સ્થાન ધરાવતી આ સંસ્થા પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સંમેલન મેળવે છે, તે સુઅવસરે માતૃસંસ્થાને બનતો સાથ–સહકાર આપી સંમેલનને સફળ બનાવવાનું આપણું–સૌ કોઈ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું–ખાસ કર્તવ્ય બની રહે છે. તો તેઓ આ સુપ્રસંગે માતૃસંસ્થાના ચરણે પુષ્પાપાંખડી ધરશે એવી અમે આશા રાખીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રક્તદાન

લે. **મનસુખલાલ તા. મહેતા**

પાકીસ્તાન **અને** ચીનનો આપણા દેશ **સાથેનો** વર્તાવ જોતાં ગમે તે ઘડીએ તેઓ **અને** આપણી વચ્ચે યુદ્ધ જાગી ફાટવાની શક્યતા છે, અને આજના **વૈજ્ઞાનિક** પદ્ધતિએ લડાતાં યુદ્ધમાં અનેક સૈનિકો તેમજ જાહેરપ્રજાના માનવીઓ ઘાયલ થાય છે. આવી રીતે ઘવાયેલા લોકોને પુનઃજીવન આપવા અર્થે માનવીના લોહીની જરૂર પડે છે, અને વખતસર લોહી આપવાથી તેઓની જીંદગી બચી જાય છે. આજના યુદ્ધોમાં ઘાયલ થયેલાં માનવો જીવન માટે લોહી સંજીવની-પ્રાણદાનનું કામ કરે છે, કારણકે માનવ શરીરમાં સૌથી અગત્યનો પ્રવાહી પદાર્થ લોહી છે, અને બધા અવયવોને પ્રાણ-વાયુ પહોંચાડવાનું તેમજ શરીરમાં એક સરખી ગરમી જાળવવાનું કાર્ય પણ લોહી જ કરે છે. આ ઉપરથી આજના સમયે રક્તદાનની મહત્ત્વતા સમજી શકાશે. શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે: **अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानं** અર્થાત્ પોતાને પ્રાપ્ત થયેલી વસ્તુને અન્યના ઉપકાર અર્થે સમર્પણ કરવી તેનું નામ દાન છે. દાનના મહિમા વિષે જૈન ધર્મશાસ્ત્રોમાં બહુ ઝીણવટથી છણાવટ કરવામાં આવી છે. બાજપક્ષીના પંજામાંથી એક પારેવાને બચાવવા મેઘરથ રાજાએ પોતાની કાયાની કુરબાની કરવાની તૈયારી બતાવી હતી, અને આવા દયાદાનનાં કારણે તેમનો જીવ ભવાંતરમાં શ્રી શાંતિનાથ નામના સોળમાં તીર્થંકર તરીકે થયાની વાત આપણા શાસ્ત્રમાં જાણીતી છે.

નદી કાંઠેના વીરડામાંથી સ્વચ્છ પાણી લેવા માટે તેનું ડહોળાયેલું પાણી ઉલેચવું પડે છે, અને એમ ઉલેચવાથી નવું સ્વચ્છ પાણી આવતું જાય છે. લોહી આપવાની બાબતમાં પણ આવી જ પરિસ્થિતિ મેં જાતે અનુભવી છે. ૧૯૫૫ થી ૧૯૬૨ સુધીના સાતવર્ષના ગાળા દરમ્યાન, એટલે લગભગ વનપ્રવેશ કર્યા પછીની ઉમ્મરમાં મેં સાત વખત ત્રણસો ત્રણસો સી.સી. લોહી આપેલું, અને આમ લોહી આપ્યા પછી દરેક વખતે ઉમ્મરમાં કેમ જાણે હું ત્રણ વર્ષ નાનો થઈ ગયો હોઉં એવી લાગણી થતી. લોહી આપવાથી શરીરમાં નબળાઈ બીલકુલ આવતી નથી, પણ ઉલટા સ્ફૂર્તિ, તાજગી અને વધુ શક્તિ પ્રાપ્ત થતાં મેં અનુભવ્યાં છે. પંચાવન વર્ષની વય સુધી આવી રીતે લોહી આપવામાં કશી હરકત આવતી નથી. અલબત, આવી રીતે લોહી આપનાર સ્ત્રી કે પુરૂષ રોગથી મુક્ત અને તંદુરસ્ત હોવા જોઇએ. વર્તમાન યુદ્ધની શાંતિ અર્થે શ્રમણ સંઘની દોરવણી નીચે આપણા ભાઈ બહેનો ધાર્મિક અનુષ્ઠાનો તેમજ તપશ્ચર્યા કરે છે, અને આ વસ્તુ ખરેખર સ્તુત્ય છે. પરન્તુ લોહી આપવા માટેનો પ્રચાર જૈન સમાજમાં ખાસ જોવામાં આવતો નથી. આપણા યુવાન તેમજ પુખ્ત ઉમ્મરના ભાઇ બહેનોને આવા કટોકટીના વખતમાં તેમના લોહીનું દાન આપવા હું અનુરોધ કરૂં છું, કારણ કે આમાં દાનની વસ્તુ લેનારને નવું જીવન પ્રાપ્ત થાય છે, ત્યારે દાન કરનારને પણ પોતાની તન્દુરસ્તીમાં ફાયદો થાય છે.

---

[**અનુસંધાન પાના ૨૨૬ થી શરૂ**]

માત્ર જ્ઞાતા દૃષ્ટાપણે પરિણમવું કર્તા ભોક્તાપણે વિરમવું અને સ્વાત્મ દ્રવ્યમાં સ્થિરતા કરવી તે મુક્ત દશા અને એજ પ્રવચનનો સાર છે.

સ્વ આત્મજ્ઞાનનો સ્વાધ્યાયવડે પરિચય કરી, ઉપયોગરૂપ ધ્યાનવડે સ્વઆત્મ દ્રવ્યમાં સ્થિરતા કરવી સમ્યગ્દર્શન વડે સ્વ-પર સમયનો વિવેક કરવો અને દર્શન મોહનીયથી મુક્ત થઇ ચારિત્ર મોહનીયનો અહિંસા સંયમ તપ વડે ક્ષય કરી અષ્ટકર્મથી મુક્ત થઈ પોતાનાં સહજ સ્વાભાવિક સ્થિર શાંત એકાગ્ર-અકંપ પરમ પારિણામિક શુદ્ધ ભાવમાં પોતાનાં જ્ઞાન ગુણવડે પોતાની શુદ્ધ પર્યાયમાં આત્મધ્યાનવડે પરિણમવું અને ૐ શાંતિઃ પ્રાપ્ત કરવી.

**નિર્વિકલ્પ રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે.**

(યોગીશ્વર આનંદઘનજી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. બળવંતરાયભાઇ



દ્વારકાની સરહદે નિરીક્ષણ માટે નાગરિક વિમાનમાં જઇ રહેલાં ગુજરાતના લોકલાડીલા નેતા શ્રી બળવંતરાય મહેતા, તેઓશ્રીના ધર્મપત્ની શ્રી સરોજબેન અને અન્ય પાંચ નિર્દોષ નાગરિકો ઉપર પાકીસ્તાનના બે લશ્કરી વિમાનોએ એકાએક આક્રમણ કર્યું અને વીરને છાજે તે રીતે આપણા મુખ્ય પ્રધાન શ્રી બળવંતરાય મહેતા અને તેમના સાથીઓ વીરગતિ પામ્યા.

આજીવન લોકસેવક તરીકેનું બળવંતરાયભાઇનું જીવન અનેક સમર્પણોથી ભર્યું છે. ગુજરાતના ઘડતરમાં તેઓશ્રીની તાજેતરની સેવા જેટલી નોંધપાત્ર છે તેટલી જ ઉજ્વળ સેવાઓ તેઓશ્રીના ભૂતકાળના જીવનમાં પણ રહેલી છે.

સર્વોદય એ તેઓશ્રીના જીવનનું ધ્યેય હતું, અને ગાંધી ચીંધ્યા માર્ગે તેઓશ્રીએ એક ભેખધારીને છાજે તે રીતે સારૂંએ જીવન સમર્પણ કર્યું હતું.

લોકશાહીના ઘડતર માટે તેઓ હંમેશા ચિન્તિત રહેતા, અને લોકતંત્રના પાયા સમાન પંચાયત રાજ્યની યોજના ઘડવામાં અને તેને મૂર્તસ્વરૂપ આપવામાં તેઓ એક અજોડ સેવા નોંધાવી ગયા છે.

તેઓશ્રીનું ઉગતું જીવન જૈન સંસ્કારોથી ઘડાયું હતું. એક સંસ્કારી જૈન કુટુંબના તેઓશ્રી પાડોશી હતા. અને મુનિ મહારાજશ્રી ગંભીરવિજયજી મહારાજની છાયા તેમના જીવનમાં પડી હતી. પરિણામે વંદિતાસૂત્ર સુધીના ધાર્મિક સૂત્રો પણ તેઓશ્રીએ કંઠસ્થ કર્યાં હતા.

જૈનસાહિત્ય અને સંસ્કારના વિકાસ માટે તેઓશ્રી સારો રસ ધરાવતા હતા. ભાવનગરની જૈન સાહિત્ય સંસ્થાઓમાં પ્રાચીન જૈન સાહિત્ય પડ્યું છે. તેનું મૂલ્યાંકન તેઓશ્રી બરાબર સમજતા હતા. અને તે માટે જૈનસાહિત્યના સંશોધન માટે ભાવનગરમાં એક કેન્દ્ર ખોલવામાં આવે તેવી તેઓશ્રીની ભાવના હતી. આ સભાની પણ તેઓશ્રીએ અવારનવાર મુલાકાત લીધી હતી અને જૈન સાહિત્ય સંશોધનનું કેન્દ્ર ખોલવામાં આવે તો પોતાથી બનતો સહકાર આપવાની તેઓશ્રીએ શુભ ભાવના દર્શાવી હતી.

કટોકટીની સમયે, તેઓશ્રીના આકસ્મિત અવસાનથી આપણે એક બાહોશ મુત્સદી અને મુંગો સેવક ગુમાવ્યો છે

તેઓશ્રીને અંજલિ આપવા માટે ભાવનગર જૈન સંઘના તેમ જ વડવા જૈન મિત્ર મંડળ તથા જૈન સ્નેહી મંડળના આશ્રયે જાહેરસભા મેળવવામાં આવી હતી અને સદગતને યોગ્ય અંજલિ આપતા ઠરાવો કરવામાં આવ્યા હતા. અમે તેમના, તેમની પત્ની સરોજબેનના અને અન્ય સાથીઓના આત્માને પ્રભુ ચિરશાંતિ આપે તેમ પ્રાર્થીએ છીએ.

---

**સૂચના**:– આચાર્ય શ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી તથા આ. શ્રી હીકારસૂરિશ્વરજીની પ્રેરણાથી સં. ૨૦૨૨ ની સાલના જૈન પંચાગ શા. તારાચંદજી છત્ર ભાણુજીના ધર્મપત્ની ઓટીબાઇ તરફથી આ માસિક સાથે ભેટ તરીકે મોકલવામાં આવેલ છે જે સંભાળી લેવા વાચકોને વિનંતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર–નોંધ.

## નવયુગ પ્રવર્તક આ. શ્રી. વિજયધર્મસૂરીશ્વરજીની પુણ્યતિથિ

તા. ૯-૯-૬૫ ના રોજ સ્વ. શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ની ૪૩મી પૂણ્યતિથિને જાહેર સમારંભ ભાવનગરના જૈન આત્માનંદસભાના શ્રી. ભોગીલાલભાઇ લેકચર હોલમાં સમાહર્તા શ્રી એલ. ડી. જોશીના પ્રમુખ પદે યોજવામાં આવ્યો હતો.

સૌથી પ્રથમ શ્રી. બેચરલાલ શાહ તરફથી પત્રિકા વાંચન કરવામાં આવ્યું હતું તથા આ.શ્રીવિ૦ સૂરીશ્વરજીનો તથા આ સંસ્થાનો પરિચય આપવામાં આવ્યો હતો ત્યાર બાદ શ્રી. બકુભાઇશેઠની દરખાસ્ત અને શ્રી. ભાઈચંદભાઈના અનુમોદનથી પ્રમુખની વરણી કરવામાં આવી હતી. મુખ્ય વકતા શ્રી નર્મદભાઈ ત્રિવેદી તથા શ્રી ભાઇચંદભાઈ વગેરેએ પોતપોતાના દ્રષ્ટિબિંદુથી સૂરીશ્વરજીના અનેકવિધકાર્યો પર પ્રકાશ ફેંકયો હતો. અને એક રમતિયાળ અને બેજવાબદાર જીવનને એમણે પોતાની આત્મશકિતથી કેટલું ઉન્નત કક્ષાપર આણી દીધું હતું તેનું સાંગોપાંગ વર્ણન કર્યું હતું

અંતમાં, પ્રમુખશ્રીના ઉપસંહાર અને શ્રી સવાઇલાલ ભાઈના આભાર દર્શનબાદ સભા વિસર્જન કરવામાં આવી હતી. ઉપસંહારમાં પ્રમુખશ્રીએ ભારતપર આવી પડેલી આજની કટોકટી પ્રસંગે એકતા, ઉદારતા અને હિંમત બતાવવા અનુરોધ કર્યો હતો.

## પુણ્યતિથિ

પ્રાતઃ સ્મરણીય શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ સં. ૨૦૨૧ના આસો શુદિ ૧૦ને મંગળવારના રોજ આ સભા તરફથી દર વર્ષ મુજબ ગુરૂભક્તિ નિમિત્તે અત્રેના મ્હોટા દેરાસરના શ્રી આદિનાથ મંદિરમાં શ્રી નવપદજીની પૂજા ભણાવવા વગેરેથી ઉજવવામાં આવી હતી.



## અભિનંદન

આપણી સભાના ઉપપ્રમુખ શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ શાહનાં પૌત્રી કુ. સુહાસિનીબેન હિંમતલાલ શાહ, કે જેઓ બી.એ. પાસ થઇ એલએલ. બી. નો અહીં અભ્યાસ કરતા હતા, તેઓ યુનાઇટેડ સ્ટેટસ, અમેરિકાની રોડઝ આઈલેન્ડ (Rhodes Island) યુનિવર્સિટીમાં ઔદ્યોગિક વહીવટ [Industrial Management]ની એમ.એસ. ડીગ્રીનો ઉચ્ચ અભ્યાસ કરવા માટે તા. ૨૭-૯-૬૫ સોમવારની રાત્રિએ આચાર્ય મહારાજો તથા મુનિરાજોના આધ્યાત્મિક આશીર્વાદો તથા અનેક સ્વજનોના અભિનંદનો લઇને એરોપ્લેનમાં રવાના થયેલ છે.

શ્રી ઝવેરભાઇ ભાઈચંદ શાહનું કુટુંબ આપણા ભાવનગરના જૈન સમાજમાં એક અગ્રગણ્ય કુટુંબ છે અને શ્રી ફત્તેચંદભાઇ મુંબઇમાં જૈન સમાજની દરેક પ્રવૃત્તિમાં અગ્રગણ્ય ભાગ લઇ રહ્યા છે. કુ. સુહાસિની બેન પણ ભાવ. જૈન સમાજની અમેરિકા ઉચ્ચ અભ્યાસ માટે જનારી પ્રથમ બેન છે. અમે તેમને સંપૂર્ણ સફળતા ઇચ્છીએ છીએ.

## અભિનંદન

આ સભાના સ્વ. પ્રમુખશ્રી ગુલાબચંદ આ. કાપડિયાના જ્યેષ્ઠ પુત્ર અને સભાના પેટ્રન શ્રી મનુભાઈ, 'બોંબે મોટર ટ્રેડીંગ કંપની'ના નામથી મુંબઇ ખાતે વર્ષોથી મોટર સ્પેર પાટર્સનો ધંધો કરે છે તેઓ તાજેતરમાં ફેડરેશન ઓફ ઓલ ઇંડિયા ઓટોમોબાઇલ્સ સ્પેર પાટર્સ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડીલર્સ એસોસીએશનના પ્રમુખ ચૂંટાયા છે તે બદલ આ સભા હાર્દિક અભિનંદન પાઠવે છે

### ભેટ મળશે

શ્રી યશોભારતી જૈન પ્રકાશન સમિતિ પ્રકાશિત મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત 'एन्द्रस्तुति चतुर्विंशतिका' સચિત્ર–સાનુવાદ. પૂ. મુનિવર શ્રી યશોવિજયજી સંપાદિત આ કૃતિની થોડી નકલો માટુંગા જૈન તપગચ્છ સંઘ તરફથી જૈન જ્ઞાન ભંડારો, પૂ. મુનિરાજો તથા પૂ સાધ્વીજીને ભેટ આપવાની છે. જેમને જરૂરત હોય તેમણે નીચેના સ્થળે તુરત લખી જણાવવું. પોસ્ટેજ રજીસ્ટ્રેશન (રૂા. ૧–૬૫) મંગાવનારે મોકલવા. નકલો હશે ત્યાં સુધી જ મળશે.

ગોવાળીયા ટેન્ક રોડ — શ્રી કાન્તિલાલાલ કોરા
મુંબઇ ૨૬ W.B. — શ્રી મહાવીર જૈન વિદ્યાલય

### આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠશ્રી ભોગીલાલભાઇ નગીનદાસ જેઓ આપણી સભાના લાઇફ મેમ્બર પણ છે તેમના તરફથી ઘણા વર્ષોથી પંચાંગ ભેટ મોકલવામાં આવે છે. આ વર્ષે પણ વિ. સં. ૨૦૨૨ની સાલના કાર્તિકી જૈન પંચાંગ સભાસદબંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે.

આ પંચાંગ આ અંકની સાથે બીડેલ છે જે સંભાળી લેવા વિજ્ઞપ્તિ છે, શેઠશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે અમે આભાર વ્યક્ત કરીએ છીએ.

### શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ (વર્ષ ૩૧ મું)

સૂક્ષ્મ (સાયન ગણિતવાળું) આ પંચાંગ તૈયાર કરીને એકત્રીસ વર્ષથી આ. શ્રી વિકાશચંદ્રસૂરીશ્વરજી જૈન તથા જૈનેતર પ્રજા સમક્ષ મુકી મહાન ઉપકાર કરે છે. સાયન અને નિરયન પદ્ધતિ પ્રમાણે દર વર્ષે જ્યોતિષીઓ ઘણાં પંચાંગો પ્રગટ કરે છે પરંતુ જેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ (સાચા) સમયની જરૂર હોય તેમની આ પંચાંગ જરૂરીઆત પૂરી પાડે છે. જૈનોએ પોતાના ધાર્મિક અને વ્યાવહારિક પ્રસંગો નક્કી કરવા માટે આવું જૈનદૃષ્ટિએ સંપાદન કરેલું પંચાંગ હવે અપનાવી લેવાની અમે ભલામણ કરીએ છીએ કીંમત રૂા. ૧–૨૫

આ પંચાંગ આ સંસ્થામાંથી વેચાતું મળી શકે છે.

### શોકનોંધ

શાહ. દેવચંદ દુર્લભદાસ [ભુરાભાઇ] ઘીવાળાના ભાવનગર મુકામે સં ૨૦૨૧ ના ભાદરવાવદી ૧ ને રવિવાર તા–૧૨–૯–૬૫ના રોજ થયેલ અવસાનની અમો દુઃખપૂર્વક નોંધ લઈએ છીએ તેઓ ઘણા વર્ષો સુધી આ સભાની મેનેજીંગ કમિટીના સભ્ય હતા અને સભાના કામકાજમાં સારો રસ ધરાવતા હતા તેઓશ્રી ધર્મપ્રેમી હતા તેમજ સ્વાભાવે મીલનસાર હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા પરમ કૃપાળુ પરમાત્મા તેમને ચિરશાંતિ અર્પે એજ અભ્યર્થના

## ખાસ વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.

## ભાડે આપવાનું છે

ભાવનગરમાં ખારગેટ–દાઉદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું પૂરતાં હવા ઉજાસવાળું પુણ્યભુવન નામનું મકાન આવેલું છે. આ મકાનનો ત્રીજો અને ચોથો માળ ભાડે આપવાનો છે. ખાસ કરીને ઓફીસો માટે યોગ્ય જગ્યા છે. ભાડે રાખવા ઇચ્છનારે નીચેના સ્થળે મળવું :—

**શ્રી જૈન આત્માનંદ સભા,** ખારગેટ, **ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ પ્રકાશ

## પુસ્તક ૬૨ ની વાર્ષિક અનુક્રમણિકા સં. ૨૦૨૧

### ગદ્ય


| લેખનું નામ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| જિનવાણી | — | ૧ |
| નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે | હરિલાલ શેઠ | ૩ |
| લોકાનુગ્રહ અને આત્મહિત | જિજ્ઞાસુ | ૭ |
| વીરચંદ ગાંધી : આપણું કર્તવ્ય | ખીમચંદ ચાંપશી શાહ | ૮ |
| જૈન જગત | — | ૧૨ |
| જિનવાણી | — | ૧૭ |
| પવિત્ર વીતરાગ દર્શન | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૮ |
| વીરચંદભાઇની વાણી | અનુ. પન્નાલાલ ર. પારેખ | ૧૯ |
| વાણી અને વેદના | મનસુખલાલ તા. મહેતા | ૨૧ |
| જીવનમાં પ્રાર્થનાનું સ્થાન | મુનિશ્રી વિનયચંદ્રજી મ. | ૨૪ |
| આવક જાવકનો હિસાબ તથા સરવૈયું | — | ૨૮ |
| જિનવાણી | — | ૩૫ |
| ચિંતનકણિકા | કિશોરલાલ ઘ. મશરૂવાળા | ૩૬ |
| ધર્મોની શ્રેષ્ઠ ધાર્મિકતા | કાકા કાલેલકર | ૩૭ |
| તપ અને શીલ | મનસુખલાલ તા. મહેતા | ૩૯ |
| અધ્યાત્મ શક્તિના લાભ | અભ્યાસી | ૪૩ |
| ભાવનાબળ શું ન કરી શકે? | આ. શ્રી વિજયકસ્તુરસૂરીજી | ૪૬ |
| જિનવાણી | — | ૫૩ |
| જ્ઞાન | લોર્ડ ચેસ્ટરફીલ્ડ | ૫૪ |
| શાંતિની શોધ | — | ૫૫ |
| પાપનો બાપ | મનસુખલાલ તા. મહેતા | ૫૯ |
| કેવી ભાવનાથી કામ કરશો | સ્વેર નાર્ડન | ૬૧ |
| જિનવાણી | — | ૭૧ |
| બુદ્ધવાણી | — | ૭૨ |
| મહાવીર–સમતાના પ્રતીક | શ્રી રિષભદાસ રાંકા | ૭૩ |
| ક્ષમામૂર્તિ પ્રભુ મહાવીર | શ્રી ભાનુમતીબેન દલાલ | ૭૬ |
| પંચામૃત | શ્રી ભાનુમતીબેન દલાલ | ૭૮ |
| નિઃશલ્યોવ્રતી | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૭૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| | | |
|---|---|---|
| ભગવાન મહાવીરના જન્મસમયની પરિસ્થિતિ | શ્રી ફતેહચંદ ઝવેરભાઈ | ૮૩ |
| પરમ કલ્યાણકારી મંગલમૂર્તિ પરમાત્મા શ્રી મહાવીર દેવ | શ્રી રંજનસૂરિદેવ | ૮૭ |
| સ્વભાવનો પ્રતાપ | મુનિશ્રી ન્યાયવિજયજી [ત્રિપુટી] | ૯૨ |
| ભગવાન મહાવીર | — | ૯૪ |
| ભગવાનની પ્રાર્થના | શ્રી ઝવેરભાઈ બી. શેઠ | ૯૫ |
| મોક્ષનું સ્વરૂપ | શ્રી રતિલાલ મફાભાઈ | ૯૭ |
| મથુરા જૈન કલા | શ્રી આચાર્ય જિતેન્દ્ર જેટલી | ૯૯ |
| જયંતિ અને જાગૃતિ | અનુ. કુ. નલિનીબેન ત્રિવેદી | ૧૦૩ |
| આત્મ ચિંતન | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૧૦૭ |
| હિન્દી સાહિત્યના અધ્યયનમાં જૈન સાહિત્યનું મહત્ત્વ | શ્રી અમરચંદ માવજી શાહ | ૧૦૯ |
| સમયમાત્રનો પ્રમાદ ન કર | આચાર્ય શ્રી જયેન્દ્ર ત્રિવેદી | ૧૧૧ |
| નવો પાઠ | શ્રી રંભાબેન ગાંધી | ૧૧૩ |
| જિનવાણી | શ્રી ધૂમકેતુ | ૧૧૮ |
| અધ્યાત્મ મહાવીર | — | ૧૨૩ |
| જીવનો સ્વરૂપ ધર્મ | — | ૧૨૪ |
| અમૃત | જિજ્ઞાસુ | ૧૨૫ |
| ઉન્નતિની ચાવી | ચિત્રભાનુ | ૧૨૬ |
| ગાંધીજી અને વર્ણાશ્રમ | પૂ. મુનિ શ્રી ચંદ્રસાગરજી | ૧૨૭ |
| અહિંસાની ઉપાસના | પંડિત સુખલાલજી | ૧૨. |
| ૩૮મા ઇસાઈ તથા ૭મા બૌદ્ધ વિશ્વસંમેલનો | — | ૧૩૦ |
| શ્રી જૈન સંઘને પ્રેરણા | શ્રી કનકવિજયજી મ. | ૧૩૧ |
| બુદ્ધ શા માટે તથાગત કહેવાય છે? | પ્રા. જયંતિલાલ ભા. દવે | ૧૩૬ |
| જિનવાણી | — | ૧૩૯ |
| જ્ઞાની, અજ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીમાં ભેદ | જિજ્ઞાસુ | ૧૪૦ |
| જીવનનું સાચું મૂલ્ય | પૂ. શ્રી કેદારનાથજી | ૧૪૧ |
| અહંકાર | સુંદરજી રૂગનાથ બારાઈ | ૧૪૩ |
| ધર્મનો બહિષ્કાર | મુનિકુમાર ભટ્ટ | ૧૪૫ |
| ધનનું સન્માન યાને રામદાસની જીવનકથા | મુનિશ્રી પદ્મસાગર | ૧૪૭ |
| દુઃખી જગત | આ. શ્રી વિજયકસ્તુરસૂરિ | ૧૫૫ |
| જૈન જગત | — | ૧૫૫ |
| જિનવાણી | — | ૧૫૯ |
| વિનય | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૬૦ |
| સત્યાસત્ય વિવેક | આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી | ૧૬૧ |
| એકાંત અને એકાગ્રતા | સાને ગુરુજી | ૧૬૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| પાપનું ફળ | મનસુખલાલ તા. મહેતા | ૧૬૮ |
| સાચા આનંદની અનુભૂતી કયારે થાય ? | ભાનુમતીબેન દલાલ | ૧૭૧ |
| જૈન જગત | — | ૧૭૩ |
| જિનવાણી | — | ૧૭૫ |
| ક્ષમા | કાકા કાલેલકર | ૧૭૬ |
| સાચી ક્ષમા | સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી | ૧૭૭ |
| સંવત્સરી | ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૧૮૦ |
| સાંવત્સરિક મહાપર્વ | જિતેન્દ્ર જેટલી | ૧૮૫ |
| સાથે બેસવું | મુનિકુમાર મ. ભટ્ટ | ૧૮૯ |
| ક્ષમા-એ દિવ્યજ્ઞાનનો પ્રકાશ છે | ભાનુમતીબેન દલાલ | ૧૯૧ |
| મૂર્છા પરિગ્રહ | મનસુખલાલ તા. મહેતા | ૧૯૩ |
| ક્ષમાપના-પર્વ | ઝવેરભાઈ બી. શેઠ બી.એ. | ૧૯૬ |
| અભયદાન | ડૉ. વલભદાસ નેણસીભાઈ | ૧૯૯ |
| સંસ્કૃતિને જીવંત રાખવા સમન્વય જરૂરી છે. | ડૉ. જ્યોતિપ્રસાદ જૈન | ૨૦૧ |
| બ્રહ્મવિહાર-જૈન અને જૈનેતર દૃષ્ટિએ | પ્રો. જયંતિલાલ ભાઈશંકર દવે | ૨૦૫ |
| પ્રસન્નતા | અભ્યાસી | ૨૦૯ |
| જૈનમુનિઓ ગુજરાતીસાહિત્યના આદ્યસ્રષ્ટાઓ છે. | ડુંગરશી ધરમશી સંપટ | ૨૧૨ |
| પર્વાધિરાજ પર્યુષણમાં | ડૉ. ભાઇલાલ એમ. બાવીશી | ૨૧૫ |
| વૈરાગ્ય | પન્નાલાલ રસિકલાલ શાહ | ૨૧૭ |
| જિનવાણી | — | ૨૧૭ |
| ચિંતનકણિકા | — | ૨૧૮ |
| આજના યુગમાં આપણું કર્તવ્ય | મુનિશ્રી ચંદ્રપ્રભસાગર | ૨૧૯ |
| સંકુચિતતાનાં કોચલાં તોડવાં પડશે | મુનિશ્રી ચંદ્રપ્રભસાગર | ૨૨૧ |
| આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી | શ્રી ફતેહચંદ ઝવેરભાઈ | ૨૨૨ |
| જીવ-વિચાર યાને જૈન ધર્મનું પ્રાણી વિજ્ઞાન | રુદ્રદેવ ત્રિપાઠી | ૨૨૫ |
| પ્રવચનસાર | અમરચંદ મા. શાહ | ૨૨૬ |
| શ્રી વીરચંદ ગાંધી અને પ્રગતિશીલ જૈન ધર્મ | શ્રી ચુનીલાલ મડિયા | ૨૨૭ |
| શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા | — | ૨૨૮ |
| રક્તદાન | મનસુખલાલ તા. મહેતા | ૨૪૬ |
| સ્વ. બળવંતરાયભાઈ | — | ૨૩૦ |
| ટુંકા સમાચાર | | ૨૩૧ |

## પદ્ય

| | | |
|---|---|---|
| પ્રભુ પ્રાર્થના | ફતેહચંદ ઝ. શાહ | ૨ |
| નૂતનવર્ષાભિનંદન | — | ૨ |
| મહાવીર | મગનલાલ દેસાઇ | ૭૭ |
| ઉર વીણા | મુ. હેમેન્દ્રસાગરજી મ. | ૯૧ |
| શ્રી મહાવીરસ્વામી સ્તવઃ | મુ. રમણિકવિજયજી મ. | ૧૧૮ |
| માનવતા અને દાનવતા | સાહિત્યચંદ્ર બાલચંદ હિ. | ૧૨૯ |
| પર્વાધિરાજ ! પધારો પધારો | રેવાશંકર વાલજી બધેકા | ૧૭૮ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. No. G. 49

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ) १०–००

२ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ
भा. २जो (પાંચ અને ૭) ६–००

३ जैनमेघदूत २–००

४ प्रकरण संग्रह (પ્રતાકારે)
(જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ०–५०

५ त्रिषष्ठी पर्व भा. १लो. (મૂળ સંસ્કૃત) ६–००

६ „ भा. २जो ( „ ) ८–००

७ „ (પ્રતાકારે) १०–००

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

८ सम्मतितर्क महार्णवतारिका........ १५–००

९ तत्त्वार्थाधिगमसूत्रम............ १५–००

## લખો :—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર :

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ,–ભાવનગર.

For Private And Personal Use Only